# સુરત મહાનગરપાલિકા

<u>પ્રેસનોટ (COVID-19)</u>

**<u>તા.૧૧/૦૪/૨૦૨૧</u>**

હાલમાં સુરત શહેરમાં કોરોના વાયરસના વધતા જતા સંક્રમણે શહેરમાં ખુબજ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ કર્યુ હોય જે ખૂબજ ચિંતાજનક બાબત છે. આ તીવ્ર ગતિએ વધી રહેલા કોરોના વાયરસના સંક્રમણને વહેલામાં વહેલી તકે નિયંત્રિત કરવા માટે સુરત મહાનગરપાલિકા પ્રસાશન દિન–રાત ખડે પગે કોવિડ–૧૯ ની કામગીરી કરી રહી છે. તેમ છતા કોરોના વાયરસનો આ નવો સ્ટ્રેઈન ખૂબજ ચેપી,ઘાતક અને જીવલેણ હોય જેને નિયંત્રિત કરવા માટે માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે અને શહેરમાં કોવિડ–૧૯ ની તમામ પ્રકારની કામગીરી ઝડપી થાય તે માટે કરવામાં આવતી કામગીરીનું પ્રતિદિન વિવિધ સંક્રમિત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ શહેરમાં વધતાં કોરોના વાયરસના અટકાયતી પગલાઓ લઈ રહ્યા છે.

કોરોના વાયરસના વધુ પડતા સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ આજરોજ માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS એ સવારે સેન્ટ્રલ ઝોન, કતારગામ ઝોન અને વરાછા ઝોન–બીની રૂબરૂ મુલાકાત લઈ સ્થળની પરિસ્થિતિનો તાગ મેળવેલ તથા આ વિસ્તારના લોકોને સરકારશ્રીએ જાહેર કરેલ માગદર્શિકાનું અચૂક પાલન કરવા બિનજરૂરી ઘરની બહાર ન નીકળવું ભીડભાડ વાળી જગ્યાએ પર જવાનું ટાળવું. કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાય તો તાકીદે નજીકના કોવિડ પરીક્ષણ કેન્દ્ર અથવા ધન્વંતરી આરોગ્ય રથ મારફત ટેસ્ટીંગ અવશ્ય કરાવવું. હાલમાં ૪૫ વર્ષથી વધુ વયના તમામ શહેરીજનો ટીકા મહોત્સવ ચાલી રહયો હોય જેનો મહત્તમ લાભ લે જેથી શહેરીજનો કોરોના વાયરસના સંક્રમણથી બચી શકે હાલના તબબકે વેકસીન આપણા માટે અમોઘ સુરક્ષા કવચ છે. સુરત મહાનગરપાલિકાની કોરોના વાયરસ સામેની આ લડતમાં યોગ્ય સાથ – સહકાર આપે એવો અનુરોધ કર્યો હતો. તથા કતારગામ ઝોન વિસ્તારના દુકાનદારોને અધિકારીઓએ રસીકરણ કરાવવા માટે અનુરોધ કર્યો હતો.

સુરત મહાનગરપાલિકા તરફથી વિનામૂલ્યે કોરોના ટેસ્ટીંગ સેન્ટરની માહિતી https://tinyurl.com/AntigenTestingCentres/ તથા ધન્વંતરી રથના રોજબરોજના રૂટની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/dhanvantarirathplan/ ઉપરથી મળી શકશે. વેક્સિનેશન સેન્ટરની માહિતી https://tinyurl.com/Covid19VaccinationRegistration/ લીંક પરથી મેળવી શકાશે.

**જનસંપર્કવિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**

**સમાચાર યાદી નં.૮૨,તા.૧૧/૦૪/૨૦૨૧**